# મેયર ઓફ લંડન અને લંડન અસેમ્બલિની ચૂંટણી

6 મે 2021

## ડાયરીમાં નોંધો. ફરીથી.

લંડનનું મતદાન 6 મે 2021 ના રોજ.
**londonelects.org.uk** પર જાણો કે તમે કેવી રીતે ભાગ લઈ શકશો

**તમારો મત આપો.**

6 મે 2021ના રોજ લંડનમાં વસતા લોકો મેયર ઓફ લંડન અને લંડન અસેમ્બલિના 25 સદસ્યો માટે મત આપી શકશે.

મેયરનું કાર્ય લંડનને રહેવા માટે દરેકજણ માટે વધુ સારૂ સ્થળ બનાવવવાનું છે જેઓ શહેરની મુલાકાત લેતું હોય, રહેતું હોય કે શહેરમાં કામ કરતું હોય.

આમાં સમાવેશ છે નીતિઓનો વિકાસ, અંદાજપત્રો નક્કી કરવા, વિશ્વમાં લંડનની વાત કહેવા માટે થતા મુખ્ય કાર્યક્રમો પર દેખરેખ રાખવી – જે બધું જ મેયરની દૂરદ્રષ્ટિ અને લંડન તેમજ લંડનવાસીઓના હિતમાં હોય.

લંડનની અસેમ્બલિ 25 સદસ્યોની બનેલી છે – 11 આખી રાજધાનીનું પ્રતિનિધિત્વ કરે છે અને 14 લંડનના મતદારક્ષેત્રો દ્વારા ચૂંટાય છે.

સિટી હૉલ ખાતે અસેમ્બલિ લંડનવાસીઓની આંખ અને કાન સમ છે. સદસ્યો મેયરની વ્યુહરચના, નિર્ણયો તપાસીને મેયરને પોતાની જવાબદારીની યાદ અપાવતા રહે છે જેથી સુનિશ્ચિત કરી શકાય કે તે જાહેર હિતમાં હોય.

## મત ક્યારે આપવો

6 મે 2021ના રોજ પોલિંગ સ્ટેશનો સવારે 7 – રાત્રે 10 વાગ્યા સુધી ખુલશે.
પોતાનો મત આપવા તમારે પર્યાપ્ત સમય લઈને આવવાનું લક્ષ્ય રાખવું.

જો તમે ટપાલ દ્વારા મત આપવાના હોવ તો તમને તમારા મતપત્રો ચૂંટણી પહેલા પ્રાપ્ત થઈ જશે. સુનિશ્ચિત કરવું કે તમે તે 6 મે 2021ના રોજ રાત્રે 10 વાગ્યા સુધીમાં પરત કરો.

## મત કોણ આપી શકશે

તમે મત આપી શકો જો તમે:

- 6 મે 2021ના રોજ 18 અથવા વધુ વયના હોવ
- બ્રિટિશ, ઈયુ અથવા લાયકાત ધરાવતા કોમનવેલ્થના નાગરિક હોવ
- જેઓ લંડનમાં વસતા હોય 19 એપ્રિલ 2021 સુધીમાં મતદાન કરવા પંજીકૃત હોય

તમે www.gov.uk/register-to-vote પર મત આપવા માટે પંજીકરણ કરાવી શકો છો અથવા તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

# મત ક્યાં આપવો

તમે 3 રીતે મતદાન કરી શકો.



**1 તમારા પોલિંગ સ્ટેશન પર:**

- 6 મે પહેલા તમને તમારા પોલિંગ સ્ટેશનની વિગતો સાથે 'પોલ કાર્ડ' મોકલવામાં આવશે.
- તમે ફક્ત આ કાર્ડમાં નામાંકિત પોલિંગ સ્ટેશન પર જ મત આપી શકશો.
- જો આવશ્યક લાગે તો પોલિંગ સ્ટેશન પર રહેલ કર્મચારીગણ તમને તમારા મતપત્રકો સમજવામાં મદદરૂપ થશે.
- તમારે પોલિંગ સ્ટેશન પર તમારું પોલ કાર્ડ લઈ જવાની જરૂર નથી પરંતુ તેનાથી કર્મચારીગણને મદદ મળશે.

**પોલિંગ સ્ટેશન પર શાની અપેક્ષા રાખવી:**

6 મેના દિને પોલિંગ સ્ટેશનો મત આપવાના સલામત સ્થળો હશે. જો તમારી તબિયત સારી ન હોય તો વ્યક્તિગત રીતે મત આપવો નહીં. તમે નીચે આપેલ બાબતો કરીને પોતે અને બીજાઓને સુરક્ષિત રાખી શકો:

- ચહેરા પર આવરણ રાખો સિવાય કે તમને તેની છૂટ મળી હોય
- હાથ સાફ કરો – હેન્ડ સેનિટાઇઝર ઉપલબ્ધ હશે
- સામાજિક અંતર અને એક તરફી પ્રણાલિઓ જાળવો
- પોતાની પેન કે પેન્સિલ લાવો

COVID-19 અને ચૂંટણી વિશે અદ્યતન માહિતી માટે www.londonelects.org.uk/Covid પર લંડન ઈલેક્ટ્સ વેબસાઇટની મુલાકાત લો

જો તમે રૂબરૂ પોલિંગ સ્ટેશન જઈ ના શકો તો તમે અરજી કરી શકો કે ટપાલ કે પ્રોક્સિ દ્વારા મતદાન કરવું છે.

## 2 ટપાલ દ્વારા:

- તમારા મતપત્રકો તમને ચૂંટણીના દિનના આશરે એક સપ્તાહ પહેલા મોકલાશે.
- તમારા મત નોંધો અને પાછા મોકલો જેથી તે 6 મે 2021 રાત્રે 10 વાગ્યા પહેલા આવી જાય.
- તમારે તમારી સહી અને જન્મ તારીખ સાથેનું સિક્યોરિટી ડિક્લેરેશન પૂર્ણ કરવાનું યાદ રાખવું.
- જો તમે તમારા મત સમયસર પરત નહીં કરશો તો તેની ગણતરી કરાશે નહીં.
- જો તમે તેને પોસ્ટ કરવાનું ભૂલી ગયા હોવ તો તમે તમારા પૂર્ણ કરેલ પોસ્ટલ મત તમારા પોલિંગ સ્ટેશન પર પૂરા પાડવામાં આવેલ પરબિડીયામાં લઈ જઈ શકો છો.

તમારી પોસ્ટલ મતની અરજી કરવાની અંતિમ તારીખ અને પ્રવર્તમાન પોસ્ટલ કે પ્રોક્સિ મતના ફેરફારો 20 એપ્રિલ 2021 સાંજે 5 વાગ્યા સુધીમાં કરી શકશો.



**3 પ્રોક્સિનો ઉપયોગ:**

- જો તમે પોલિંગ સ્ટેશન જઈ શકો નહીં તો તમે તમારા વિશ્વાસપાત્ર વ્યક્તિને તમારા પ્રોક્સિ થવા જણાવી શકો.
- આનો અર્થ કે તેઓ તમારા વતી મત આપી શકે પરંતુ તમારે તેમને જણાવવું પડશે કે તમારે કોને મત આપવો છે.

પ્રોક્સિ દ્વારા મત આપવા માટે નવી અરજીઓ પ્રાપ્ત કરવાની અંતિમ તારીખ (પોસ્ટલ કે કટોકટી પ્રોક્સિ નહીં) 27 એપ્રિલ 2021, સાંજે 5 વાગ્યા સુધીની છે.


કટોકટી પ્રોક્સિ અરજીઓ પ્રાપ્ત કરવાની અંતિમ તારીખ છે 6 મે 2021 સાંજે 5 વાગ્યા સુધી.

**londonelects.org.uk**
**@LondonElects**
**#LondonVotes પર વધુ જાણકારી મેળવો**

# મત કેવી રીતે આપવો

મત આપવા માટે તમને 3 મતપત્રકો આપવામાં આવશે:

**મેયર ઓફ લંડન (ગુલાબી મતપત્રક):**




- મેયર ઓફ લંડન માટે તમારી પાસે 2 પસંદગીઓ છે.
- કોલમ A માં પ્રથમ પસંદગી પર [X] નિશાન કરો.
- કોલમ B માં અલગ બીજી પસંદગી પર [X] નિશાન કરો.
- તમારે પ્રથમ પસંદગી કરવાની રહેશે નહીં તો તમારો મત ગણાશે નહીં.
- પ્રત્યેક મત અલગ ઉમેદવાર માટે જોઈશે.

**મતદારક્ષેત્ર લંડન અસેમ્બલિ સદસ્ય (પીળો મતપત્રક):**



- લંડન અસેમ્બલિમાં તમારા સ્થાનિક વિસ્તારમાં તમારે કોનું પ્રતિનિધિત્વ જોઈએ છે તે પસંદ કરો.
- ફક્ત એક જ ઉમેદવારને મત આપો.
- તમારી પસંદગીની બાજુમાં [X] નિશાન લગાવો.

**લંડન-વાઈડ અસેમ્બલિ સદસ્ય (નારંગી મતપત્રક):**



- લંડન અસેમ્બલિમાં આખા લંડનમાં તમારે કોનું પ્રતિનિધિત્વ જોઈએ છે તે પસંદ કરો.
- ફક્ત એક જ વખત મતદાન કરો.
- તમારી પસંદગીની બાજુમાં [X] નિશાન લગાવો.

# વધુ માહિતી

એપ્રિલ 2021માં એવા બધા લોકો જેઓ લંડનમાં મતદાન કરવા રજિસ્ટર થયા હોય તેઓ ચૂંટણી પુસ્તિકા પ્રાપ્ત કરશે. તેમાં લંડન અસેમ્બલિ ઉમેદવારોની સૂચિ હશે જેમાં સામેલ હશે એવા ઉમેદવાર જે આપવા માંગતા હોય એમનો મેયરપદ માટેનો સંક્ષિપ્ત ચૂંટણી ઢંઢેરો અને તે તમને મહત્ત્વની માહિતી આપશે કે ક્યાં અને કેવી રીતે મત આપવો. તમારા દરવાજે તે આવે તેની રાહ જોશો.

જો તમને કોઈ પ્રશ્નો હોય તો કૃપા કરી અહીં સંપર્ક કરો:
info@londonelects.org.uk

COVID-19 અને ચૂંટણી વિશે અદ્યતન માહિતી માટે www.londonelects.org.uk/Covid પર લંડન ઈલેક્ટ્સ વેબસાઈટની મુલાકાત લો